BUSINESS મિત્ર Plus

# MSCI ઈન્ડેક્સમાં ઈરેડા, નાયકા, હોનાસા, સેલો વર્લ્ડ ટોચના દાવેદારો

આગામી ફેબ્રુઆરીમાં એમએસસીઆઇ ઈન્ડેક્સ અને એફટીએસઇ જેવા વૈશ્વિક સૂચકાંકોમાં સ્ટોક વેઈટેજમાં સમાવેશ કરવા અથવા વધારવાથી પેસીવ ફંડોનું રોકાણ થાય છે, જે આ સુચકાંકોને ટ્રેક કરે છે. જે આ સુચકાંકોમાં કંપનીઓનો સમાવેશ થાય છે તે જ કંપનીઓમાં રોકાણ કરવામાં આવતું હોય છે, ત્યારે ભારતીય શેરબજારમાં તાજેતરમાં લિસ્ટેડ થયેલી કંપનીઓનું સારૂં પ્રદર્શન રહેવાના કારણે એમએસસીઆઇ ઈન્ડેક્સમાં સમાવિષ્ટ થવાની સંભાવનાઓ વધી છે. જેમાં તાજેતરમાં લિસ્ટેડ ઈરેડા, સેલો વર્લ્ડ, હોનાસા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ અને સિગ્નેચર ગ્લોબલ એમએસસીઆઇ સ્મોલકેપ ઈન્ડેક્સમાં સ્થાન મેળવવાની સંભાવના ધરાવતા ટોચના દાવેદારોમાં સામેલ છે. એમએસસીઆઈ 13 ફેબ્રુઆરીએ સત્તાવાર જાહેરાત કરશે, જેમાં 29 ફેબ્રુઆરીએ એડજસ્ટમેન્ટ થવાનું છે.

નુવામા અલ્ટનેટિવ એન્ડ કોન્ટીટેટિવ રિસર્ચના જણાવ્યા અનુસાર, એમએસસીઆઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં અન્ય સંભવિત કંપનીઓના સમાવેશમાં જયપ્રકાશ એસોસિએટ્સ, આરઆર કાબેલ, કેપીઆઇ ગ્રીન એનર્જી, પ્રોટિયન ઈ-ગર્વ, સ્વાન એનર્જી, જે કુમાર ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ, રતનઈન્ડિયા પાવર, ટાઈમ ટેકનોપ્લાસ્ટ, ઈથોસા, સંદુર મેંગેનીઝ, કેસોરામ ઈન્ડસ્ટ્રીઝ, સાઈ સિલ્કસ કલામાંદિર, ફેડબેંક અને ડીબી રિયલ્ટીનો સમાવેશ થાય છે.

છેલ્લા ત્રણ મહિનામાં આ શેરોમાં 10-100 ટકાની વચ્ચે તેજી જોવા મળી છે, જેના કારણે તેમનું ફ્રી ફ્લોટ-




**એમએસસીઆઇ સ્મોલકેપ ઇન્ડેક્સમાં સમાવિષ્ટ થનારી કંપનીઓમાં પેસીવ ફંડોના રોકાણનો પ્રવાહ વધી જશે**

એડજસ્ટેડ માર્કેટ કેપિટલાઈઝેશન સમાવેશ માટે પાત્ર બન્યું છે. નુવામાની ગણતરી મુજબ, ઈરેડાના સ્ટોકમાં 11 મિલિયન ડોલરની કિંમતનો રોકાણનો પ્રવાહ આવી શકે છે જ્યારે અન્ય શેરોમાં પ્રત્યેકમાં 2-7 મિલિયન ડોલરનો પ્રવાહ જોવા મળી શકે છે.

**ઈકોનોમી ઈન્સાઈડર**

એમએસસીઆઈ અને એફટીએસઇ જેવા વૈશ્વિક સૂચકાંકોમાં સ્ટોક વેઈટેજમાં સમાવેશ અથવા વધારો પેસિવ ફંડ્સમાંથી ઈનફ્લો તરફ દોરી જાય છે, જે તે ઈન્ડેક્સને ટ્રેક કરે છે. આ સૂચકાંકોમાંથી બાકાત રાખવું એ સામાન્ય રીતે પ્રવાહ તરફ દોરી જાય છે. આમ, જાહેરાતોને વ્યાપકપણે ટ્રેક કરવામાં આવે છે.

એમએસસીઆઇ પ્રમાણભૂત અનુક્રમણિકા જિંદાલ સ્ટેનલેસ, ભેલ, પંજાબ નેશનલ બેંક, એનએમડીસી અને ઓબેરોય રિયલ્ટી હાલમાં એમએસસીઆઈ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં સમાવેશ માટે લાયક ઠરી રહ્યા છે.

વર્તમાન બજાર કિંમતોને સમાવેશ માટે અટકાવી રાખવાની જરૂર છે. એક વખત સમાવિષ્ટ થયા પછી, શેરોમાં પ્રત્યેકમાં 130-150 મિલિયન ડોલરનો પેસિવ ઈનફ્લો જોવા મળી શકે છે.

એમએસસીઆઈ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં સમાવેશ માટેના કેટલાક અન્ય મજબૂત દાવેદારોમાં આલ્કેમ લેબ્સ, પ્રેસ્ટિજ એસ્ટેટ્સ, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને સોલાર ઈન્ડસ્ટ્રીઝનો સમાવેશ થાય છે. જો કે, આ શેરમાં વર્તમાન સ્તરેથી વધુ 2-6 ટકાની તેજીની જરૂર છે, જો આ તેજી ફેબ્રુઆરી સુધીમાં આવી જાય તો તેમની પણ સંભાવના રહેશે.

એ જ પ્રમાણે દાલમિયા ભારત, એનએચપીસી, જીએમઆર એરપોર્ટ્સ, એફએસએન ઈ-કોમર્સ વેન્ચર્સ, કેનેરા બેન્ક, મેનકાઈન્ડ ફાર્મા, બોશ અને વોડાફોન આઈડિયા પણ જો શેરમાં 8થી 20 ટકાની તેજી આવે તો એમએસસીઆઇ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં સ્થાન મેળવી શકે છે.

જો ફેબ્રુઆરીની જાહેરાત પહેલા આ શેરોને ઊંધી ગતિ જોવા ન મળે, તો તેઓ મેની સમીક્ષા માટે મજબૂત ઉમેદવારો બની શકે છે. એમએસસીઆઈએ ફેબ્રુઆરીની જાહેરાત માટે કટ-ઓફ પિરિયડ 18 થી 31 જાન્યુઆરી વચ્ચે નક્કી કર્યો છે.

બાકાત રાખવાની વાત કરવામાં આવે તો, ઈન્દ્રપ્રસ્થ ગેસ વર્તમાન બજાર ભાવથી 3થી 4 ટકા ઘટે તો ઈન્ડેક્સમાં ઘટાડો કરી શકે છે. હાલમાં તે સલામત છે. ઓક્ટોબર 2020માં 8 ટકાની સરખામણીમાં એમએસસીઆઈ ઉભરતા બજારના સૂચકાંકમાં ભારતનો હિસ્સો હવે 17.1 ટકા છે. અગાઉના રિજિગમાં એમએસસીઆઈએ એમએસસીઆઇ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં નવ ભારતીય શેરોનો સમાવેશ કર્યો હતો, જેમાં ઈન્ડસઈન્ડ બેન્ક, સુઝલોન એનર્જી, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ અને પેટીએમ પેરેન્ટ વન97 કમ્યુનિકેશન્સનો સમાવેશ થાય છે.

# મેઈડ ઈન ઈન્ડિયા ટોઝની સ્ટોરી સક્સેસ થઈ રહી છે

ભારતીય રમકડા ઉદ્યોગ નાણાકીય વર્ષ 2014-15ની તુલનામાં નાણાકીય વર્ષ 2022-23માં આયાતમાં 52% ઘટાડો અને નિકાસમાં અભૂતપૂર્વ 239%ના વધારોનો નોંધાયો છે.સરકારના રમકડાં ઉદ્યોગ માટેના પ્રયાસો મેન્યુફેક્ચરિંગ એકમોને બમણા કરવા તરફ દોરી જાય છે, આયાતી ઇનપુટ્સ 33%થી ઘટીને 12% અને કુલ વેચાણ મૂલ્યમાં 10% CAGR દ્વારા વધારો જોવા મળ્યો છે.

ભારતીય રમકડાં ઉદ્યોગની આયાતમાં 52% ઘટાડો નોંધાયો છે, જ્યારે નિકાસમાં 239%નો અભૂતપૂર્વ વધારો નોંધાયો છે.કોન્ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સના ગુજરાત રાજ્યના પ્રમુખ પ્રમોદ ભગત કહે છે

**બિઝનેસ વ્યૂ**

કે,ચાઈનીઝ રમકડાંને બદલે મેક ઇન ઈંડિયા રમકડાંઓ ભેંટ અને ખરીદી કરવાની સ્વદેશી ઝુંબેશને સફળતા મળી છે. સ્થાનિક બજારમાં ઉપલબ્ધ રમકડાંની એકંદર ગુણવત્તાના વિકાસ સાથે નાણાકીય વર્ષ 2014-15ની સરખામણીમાં નાણાકીય વર્ષ 2022-23માં નોંધપાત્ર વૃદ્ધિ જણાઇ છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ (IIM) લખનૌ દ્વારા પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) વતી "મેઈડ ઈન ઈન્ડિયા ટોઝની સક્સેસ સ્ટોરી" પરના કેસ સ્ટડીમાં કેટલાક અવલોકનો નોંધવામાં આવ્યા છે. અવલોકન જણાવે છે કે સરકારના પ્રયાસો ભારતીય રમકડાં ઉદ્યોગ માટે વધુ અનુકૂળ ઉત્પાદન ઇકોસિસ્ટમ બનાવવા માટે સક્ષમ બન્યા છે. તે દર્શાવે છે કે 6 વર્ષના ગાળામાં, 2014થી 2020 સુધી, આ સમર્પિત પ્રયત્નોના કારણે ઉત્પાદન એકમોની સંખ્યા બમણી થઈ છે, આયાતી ઈનપુટ્સ પર નિર્ભરતા 33% થી ઘટીને 12% થઈ છે, 10% CAGR અને શ્રમ ઉત્પાદકતામાં એકંદર વધારા સાથે કુલ વેચાણ મૂલ્યમાં વધારો થયો છે.



રિપોર્ટમાં વિશ્લેષણ કરવામાં આવ્યું છે કે યુએઈ અને ઓસ્ટ્રેલિયા સહિતના દેશોમાં સ્થાનિક રીતે ઉત્પાદિત રમકડાં માટે શૂન્ય-

**નાણાકીય વર્ષ 2022-23 માં ભારતીય રમકડાં ઉદ્યોગની આયાતમાં 52% ઘટાડો અને નિકાસમાં 239%નો વધારો નોંધાયો,કાપડ મંત્રાલય 13 ટોય ક્લસ્ટરોને ડિઝાઇનિંગ અને ટૂલિંગ સપોર્ટ પ્રદાન કરશે**

ડ્યુટી માર્કેટ એક્સેસ સાથે વૈશ્વિક રમકડાંની મૂલ્ય શૃંખલામાં દેશના એકીકરણને કારણે ભારત ટોચના નિકાસકાર રાષ્ટ્ર તરીકે પણ ઉભરી રહ્યું છે. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે ભારતને વિશ્વના વર્તમાન ટોય હબ, એટલે કે ચીન અને વિયેતનામના એક સક્ષમ વિકલ્પ તરીકે સ્થાન આપવા માટે, ટેક્નોલોજીમાં પ્રગતિ, ઈ-કોમર્સ અપનાવવા, પ્રોત્સાહિત કરવા માટે રમકડાં ઉદ્યોગ અને સરકારના ભાગીદારી અને નિકાસ, બ્રાંડ-બિલ્ડીંગમાં રોકાણ, બાળકો સાથે વાતચીત કરવા માટે શિક્ષકો અને માતા-પિતા સાથે જોડાવું, સાંસ્કૃતિક વિવિધતાનું મૂલ્યાંકન કરવું અને પ્રાદેશિક કારીગરો સાથે સહયોગ કરવો વગેરે સતત સહયોગી પ્રયાસો જરૂરી છે.અહેવાલમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે આ મુદ્દાઓને ઉકેલવા અને ભારતીય રમકડાં ઉદ્યોગમાં વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે, એક વ્યૂહાત્મક કાર્ય યોજનાની જરૂર હતી. સરકારે અનેક હસ્તક્ષેપો અને પહેલો અમલમાં મૂક્યા છે, રિપોર્ટમાં કરાયેલી ભલામણોને અનુરૂપ, સરકારે NAPT હેઠળ પહેલાથી જ પગલાં શરૂ કર્યા/લીધા છે.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઓગસ્ટ 2020માં તેમના "મન કી બાત" સંબોધન દરમિયાન ભારતને વૈશ્વિક રમકડાં ઉત્પાદન હબ તરીકે સ્થાપિત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ વિઝનને પરિપૂર્ણ કરવા માટે, સરકારે રમકડાંની ડિઝાઇનિંગને પ્રોત્સાહન આપવા, રમકડાંનો ઉપયોગ શીખવાના સંસાધન તરીકે, રમકડાંની ગુણવત્તા પર દેખરેખ રાખવા, સ્વદેશી રમકડાં ક્લસ્ટરોને પ્રોત્સાહન આપવા વગેરે માટે નેશનલ એક્શન પ્લાન ફોર ટોઝ (NAPT) જેવી સર્વગ્રાહી રચના સહિતની શ્રેણીબદ્ધ પહેલો હાથ ધરી છે.સ્થાનિક ઉત્પાદકોના પ્રયાસો સાથે સરકારની નીતિગત પહેલોને કારણે ભારતીય રમકડાં ઉદ્યોગનો નોંધપાત્ર વિકાસ થયો છે.

# ભારતની ત્રીજા ભાગની સંપત્તિ શેર બજારોમાંથી આવે છે

ભારતની સંપત્તિ દર ત્રણમાંથી એક રૂપિયા શેરબજારોમાંથી આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, ભારતનું અર્થતંત્ર આગામી 50 વર્ષમાં અથવા તો તે અગાઉ પણ વધીને 100 ટ્રિલિયન ડોલર થઈ શકે છે, એમ એનએસઈના એમડી અને સીઈઓ આશિષ ચૌહાણે કહ્યું હતું.

2024ની ચૂંટણી પહેલા ભારત 4 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બની જશે, નેશનલ સ્ટોક એક્સચેંજનું કુલ બજાર મૂડીકરણ 2023 ના અંત સુધીમાં 4.34 ટ્રિલિયન ડોલર છે. યુબીએસના એક



રિપોર્ટ અનુસાર ભારતમાં સંપત્તિ 2022માં 15.4 ટ્રિલિયન ડોલર રહી હતી.

જો વિશ્વ 250 ટ્રિલિયન ડોલરની વધુ સંપત્તિનું સર્જન કરવા જઈ રહ્યું છે, અને આપણે વિશ્વની કુલ વસ્તીના લગભગ 18 ટકા અને યુવા વસતિના 20-22 ટકા તરીકે છીએ, તો આપણે કુલ સંપત્તિના 30 ટકા નું સર્જન કરી શકીએ છીએ.

**ઓફ-બીટ**

હાલમાં 8.5 કરોડ રોકાણકારો છે, જેમાંથી 2 કરોડથી વધુ મહિલાઓ છે, જ્યારે 5 કરોડથી વધુ પરિવારો શેર બજારોમાં સીધું રોકાણ કરે છે, જે ભારતના કુલ ઘરોમાં 17/18 ટકા હિસ્સો ધરાવે છે. આ વિશ્વાસની એક મોટી છલાંગ છે, ચૌહાણે જણાવ્યું હતું કે, ભારતના મૂડી બજારો સંપત્તિ

**બે કરોડ મહિલા સહિત પાંચ કરોડથી વધુ પરિવારો શેરબજારમાં સીધું રોકાણ કરે છેઃ આશિષ ચૌહાણ**

નિર્માણમાં કેવી રીતે મદદ કરી રહ્યા છે. છેલ્લા એક દાયકામાં મૂડી બજારોને કારણે લોકોની જીવનશૈલી બદલાઈ ગઈ છે. બિટકોઈનનો હેતુ આગામી મૂર્ખની શોધ કરવાનો છે, જ્યારે શેર બજારોનો હેતુ કોઈની કંપનીમાં નફાના હિસ્સાનું વચન છે, તેમણે ઉમેર્યું.

એનએસઈના રોકાણકારોનો આધાર આઠ મહિનામાં 7 કરોડથી વધીને સપ્ટેમ્બર 2023 સુધીમાં 8 કરોડ થયો છે. તેણે 8.5 કરોડ રોકાણકારોના આધાર સાથે વર્ષનો અંત કર્યો. ભારતના લગભગ 99.8 ટકા પિનકોડ રોકાણકારોની નોંધણીની દ્રષ્ટિએ આવરી લેવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશે 90 લાખ સહભાગીઓ સાથે કુલ નોંધાયેલા રોકાણકારોની દ્રષ્ટિએ બીજું સ્થાન મેળવ્યું છે.

### ગુજરાતમાં માત્ર પાંચ પીનકોડમાં રોકાણકારો નથી

ગુજરાત અને શેરબજાર સાથે સીધો નાતો છે. શેરબજારમાં રોકાણકારોમાં ગુજરાત અગ્રેસર રહ્યા છે, અને ગુજરાતમાં સૌથી વધુ રોકાણકારો છે, આમ છતાં ગુજરાતમાં પાંચ પીનકોડ એવા છે કે જ્યાં રોકાણકારો નથી. એનએસઇના જાહેર કરાયેલા ડેટા અનુસાર ગુજરાતમાં માત્ર પાંચ પીનકોડ વિસ્તારો એવા છે કે જેમાં એકપણ શેરબજારમાં રોકાણકારનથી. બાકી સમગ્ર ગુજરાત શેરબજારમાં રોકાણ કરી રહ્યું છે. એકપણ રોકાણકાર ન હોય એવા પીનકોડમાં સુરેન્દ્રનગર જિલ્લાના ત્રણ અને મોરબી તથા અમરેલી જિલ્લાના એક-એક વિસ્તારનો સમાવેશ થાય છે. આ પાંચ પીનકોડ વિસ્તારની સાથે ભારતમાં કુલ 33 પીનકોડ વિસ્તારો છે કે જેમાં શેરબજારમાં એકપણ રોકાણકાર નથી.

